આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ
Internal Quality Assurance Cell (IQAC)

ગૂજરાત વિદ્યાપીઠ
(१९२० में महात्मा गांधी द्वारा स्थापित)
GUJARAT VIDYAPITH
(Founded By Mahatma Gandhi in 1920)

Ref. No
જા.નં. 08 /IQAC/2020-21

Date
તા. 17-11-2021

તા. 03-09-2021ને શુક્રવારના રોજ બપોરે 03-00 કલાકે ગૂજરાત વિદ્યાપીઠ આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ(IQAC)ની નવી બેઠક કુલનાયકશ્રી પ્રો. રાજેન્દ્ર ખિમાણીના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં નીચે મુજબના સભ્યો ગુગલમીટ પર ઓનલાઇન હાજર રહેલ હતા.

| | | |
|---|---|---|
| 1. | પ્રો. રાજેન્દ્ર ખિમાણી | કુલનાયકશ્રી |
| 2. | પ્રો. નિખિલ ભટ્ટ | કુલસચિવશ્રી |
| 3. | પ્રો. નિમિષા શુક્લ | સંયોજક, આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ |
| 4. | પ્રો. અનામિક શાહ | સભ્ય, આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ |
| 5. | પ્રો. અપુર્વ ઓઝા | સભ્ય, આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ |
| 6. | પ્રો. પદમીન બુચ | સભ્ય, આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ |
| 7. | પ્રો. ધ્વનિલ પારેખ | સભ્ય, આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ |
| 8. | પ્રો અમિષા શાહ | સભ્ય, આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ |

1. બેઠકના પ્રારંભે નવા સભ્યોનું કુલનાયકશ્રીએ સ્વાગત કર્યું.
2. સભ્યોને સ્વ અધ્યયન અહેવાલ (Self Study Report)ની executive summary તેમજ IIQA દ્વારા મોકલાવેલ તે અંગે રજૂઆત થઈ. 2015-16નો upload કરેલ AQAR 2015-16 પછી બનાવેલો છે. આ AQARની ફાઈલ detailed attachment પાછળથી પ્રાપ્ત થઈ છે, પરિણામે તેને અલગથી સૂચવાયેલ છે. કમ્પ્યૂટર વિભાગને આ સંદર્ભે જે link બાકી રહી છે તે તૈયાર કરવા પણ જણાવ્યું. આ જ બાબત 2015-16 અને 2016-17ને પણ લાગુ પડશે.
3. SSRના submission અંગે જણાવ્યું કે IIQA સ્વીકાર્યા બાદ જ SSR ખૂલી શકે તેમ છે. હાલનો SSR Templateની મદદથી તૈયાર કરાયો છે જેમાં સુધારાને અવકાશ હશે.
4. માપદંડ-2 અંગે એકમના સભ્ય તરફથી Digital learning માટે આપવામાં આવેલ મહત્વના કારણે તે અંગેની માહિતી વિસ્તૃત કરવાની જણાય છે.
5. Digital learningના સંદર્ભમાં મર્યાદિત આંતરમાળખાકીય સેવાઓ, નાણાકીય પરિસ્થિતિ હોવા છતાં આ બાબતમાં પણ વિદ્યાપીઠ કામ કરી રહી છે, તે બાબત અંગે સહુ સભ્યોને જણાવાયું છે.
6. SSR અંગે વિશેષ ચર્ચા કરતા નીચેના સૂચનો રજૂ થયા.

- નિપૂણતા ધરાવતા વિષયમાં વિભાગે અન્ય વિભાગ કે અન્ય વિષયને વિભાગ દ્વારા કરાતી મદદ કન્સલ્ટન્સીમાં ગણી શકાય.
- કન્સલ્ટન્સી માત્ર નાણાકીય લાભ માટે જ નહીં પરંતુ વિદ્યાપીઠના ધ્યેય અનુસાર વિદ્યાપીઠને મદદરૂપ થાય તેવા કામ અંગે ગણતરી થવી જોઈએ.
- કેટલાક વિષયોને બાદ કરતા વિદ્યાપીઠ દ્વારા ભાષાની મર્યાદા અંગે પ્રકાશન અને સંશોધનમાં યોગ્ય ઓળખ ન મળતી હોવાનું જણાવાયું આ અંગે મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો સાથે મળીન તા.04-10-2021 થી તા.08-10-2021ની કાર્યશાળા યોજવામાં આવેલી હતી.
- ગૂજરાત વિદ્યાપીઠ મંડળના માળખામાં થતી પ્રવૃતિને ઉચ્ચશિક્ષણના SSRના માપદંડમાં વિસ્તરણના ગુણ મેળવી શકાય તેમ છે.
- ઉદાહરણ તરીકે કૃષિ વિજ્ઞાન કેન્દ્રનું જોડાણ સામાજીક વિજ્ઞાન વિદ્યાશાખા સાથે કરીને તેને વિસ્તરણ કામગીરી તરીકે ગણાવી શકાય.
- સજીવ ખેતીમાં ટૂંકા ગાળામાં અભ્યાસક્રમ દાખલ કરીને માળખાકીય સેવાઓને ઉપયોગ થઈ શકે.

7. ગૂજરાત વિદ્યાપીઠના કોપીરાઈટ(copyright) વિભાગમાં રહેલા પુસ્તકોને સ્કેન કરીને આ સેવા ગ્રાહકોને આપી શકાય.
8. NAAC Cycle 1 ના સૂચનો અને Cycle 2ની પરિસ્થિતીની વચ્ચેની તુલના કરી તે અંગે નોંધ બનાવવાનું આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ(IQAC) ના સંયોજકને જણાવાયું.

પ્રમુખશ્રીની મંજૂરીથી સભાસદોનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.

(પ્રો. નિમિષા શુક્લ)
સંયોજક

(પ્રો. નિખિલ ભટ્ટ)
કા. કુલસચિવ